હવામાન

| | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| નવસારી | ૩૪.૦° સે. | ૨૭.૦° સે. |
| આહવા | ૩૬.૦° સે. | ૨૫.૦° સે. |
| વલસાડ | ૩૫.૦° સે. | ૨૮.૦° સે. |
| વાપી | ૩૫.૦° સે. | ૨૮.૦° સે. |

## 125 વર્ષથી વસતા હળપતિ પરિવારો પર વિસ્થાપનનું સંકટ

**ગણેશ** સિસોદ્રાના પરિવારોની ઘરવિહોણા ન કરવાની કલેક્ટરને રજૂઆત કરી



નવસારી: નવસારી તાલુકાના ગણેશ સિસોદ્રા ગામના મોટી વાડી ફળિયામાં છેલ્લા 125 વર્ષથી વસવાટ કરતા હળપતિ આદિવાસી સમાજના પરિવારો પર વિસ્થાપનનું સંકટ ઊભું થયું છે. ઈટાડવા-સિસોદ્રા રોડના પહોળીકરણની કામગીરી દરમિયાન તેમના આવાસો રોડ માર્જિનમાં આવતા હોવાના કારણે મકાનો ખાલી કરવાની મૌખિક સૂચનાઓ મળતાં પરિવારોમાં ચિંતા ફેલાઈ છે.

અસરગ્રસ્ત પરિવારો અને સમાજના આગેવાનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી જણાવ્યું છે કે હળપતિ સમાજના મોટાભાગના લોકો ખેતમજૂરી અને દૈનિક મજૂરી પર નિર્ભર છે. આર્થિક રીતે નબળા પરિવારો માટે તાત્કાલિક સ્થળાંતર કરવું મુશ્કેલ છે. વધુમાં ચોમાસાની ઋતુ નજીક હોવાથી હાલના સમયે ઘર ખાલી કરાવવાની કોઈપણ કાર્યવાહી અનેક પરિવારોને મુશ્કેલીમાં મૂકી શકે છે.

રજૂઆતમાં જણાવાયું છે કે પેઢીઓથી અહીં વસવાટ કરતા પરિવારોને વૈકલ્પિક વ્યવસ્થા અથવા યોગ્ય પુનર્વસન આપ્યા વગર ઘરવિહોણા ન કરવામાં આવે. સમાજના આગેવાનોએ માનવતાના ધોરણે નિર્ણય લઈ ગરીબ પરિવારોના હિતનું રક્ષણ કરવા અને કોઈપણ કાર્યવાહી પહેલાં યોગ્ય ઉકેલ લાવવા વહીવટી તંત્રને અપીલ કરી છે.

## જૂની અદાવતમાં તીઘરા પાસે જીવલેણ હુમલો, છ ઝડપાયા

**લાકડાં-**ચપ્પુ સાથે બે યુવક પર તૂટી પડ્યા

નવસારી: નવસારી શહેરના તીઘરા વિસ્તાર નજીક જૂની અદાવતને લઈને થયેલા જીવલેણ હુમલાના બનાવમાં નવસારી ટાઉન પોલીસે ઝડપી કાર્યવાહી કરી તમામ છ આરોપીને ઝડપી પાડી કોર્ટમાં રજૂ કર્યા છે. અગાઉ થયેલા ઝઘડાનું મનદુઃખ રાખી આરોપીઓએ ફરિયાદી અને તેના મિત્રોને નિશાન બનાવી હુમલો કર્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, તા. 15 જૂનની રાત્રે બાલાજી પાર્ક-સારથી વિલાના ગેટ નજીક તીઘરા નવી વસાહતમાં રહેતા રિક્ષાચાલક અઝરૂદ્દીન તાજુદ્દીન શેખ અને તેના મિત્રો હાજર હતા ત્યારે અજય, વિજય, મયુર, તોસીફ, ભરત ઉર્ફે અગુ અને આકાશ ગામીત સહિતના શખ્સો ત્યાં પહોંચ્યા હતા. જૂની અદાવતના કારણે બંને પક્ષ વચ્ચે બોલાચાલી થયા બાદ મામલો ઉગ્ર બન્યો હતો. ત્યારબાદ આરોપીઓએ લાકડાં અને ચપ્પુ જેવા હથિયારો વડે હુમલો શરૂ કર્યો હતો.

અચાનક થયેલા હુમલાથી વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં નવસારી ટાઉન પોલીસ તરત જ હરકતમાં આવી હતી. ફરિયાદના આધારે પોલીસે જીવલેણ હુમલો કરવો અને મારામારી સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પીએસઆઈ એમ.એમ. ગામીતના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી તપાસમાં તમામ આરોપીઓની સંડોવણી સામે આવતા તેમની અટક કરવામાં આવી હતી. પોલીસે તમામ આરોપીઓને નવસારી કોર્ટમાં રજૂ કરી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મહેસૂલ, ખેતીવાડીની કામગીરી બંધ કરી દેવાનું તલાટીઓનું એલાન

**કામગીરીનું** વિભાજન નહીં કરાતાં રોષ, 25મી સુધીનું અલ્ટિમેટમ

ઘેજ: મહેસૂલ, ખેતીવાડી, પંચાયત એમ ત્રણેય કેડરની કામગીરીની વહેંચણી કરવાની, કામના વિભાજનની વર્ષો જૂની માંગણી ન સંતોષાતા ચીખલી સહિત જિલ્લાના પંચાયત તલાટીઓ દ્વારા મહેસૂલ અને ખેતીવાડી વિભાગને લગતી કામગીરી બંધ કરવાની ચીમકી આપવામાં આવી છે. હાલ મહેસૂલી તલાટીઓની નિમણૂક કામગીરી કરવામાં આવી રહી છે, તેમ છતાં કામગીરીનું વિભાજન ન કરાતાં પંચાયત તલાટીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.

તલાટી કમ મંત્રી પાસે પંચાયત વિભાગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, કૃષિ વિભાગ, મહેસૂલ વિભાગ સહિતની કામગીરીને પગલે કાર્યભારનો બોજ વધી જવા પામ્યો છે. બીજી તરફ સરકાર દ્વારા ગ્રામસેવકની ભરતી કરાઈ છે, મહેસૂલી તલાટીઓની ભરતીનો છેલ્લો તબક્કો છે પરંતુ સરકાર દ્વારા આજદિન સુધી ત્રણેય કેડરની કામગીરીની વહેંચણી કરવામાં આવી નથી.

હાલ સરકાર દ્વારા રેવન્યુ તલાટીઓની ભરતી પૂર્ણ કરી નિમણૂક અંગેની કાર્યવાહી કરવામાં આવી છે, તેમ છતાં પંચાયત અને મહેસૂલી કામગીરી અલગ જોબ ચાર્ટ બનાવ્યો નથી. જેથી પંચાયત તલાટીઓ મહેસૂલી અને ખેતીવાડી વિભાગને લગતી તમામ કામગીરી બંધ કરી દેવાનો રાજ્યના તલાટી મહામંડળ દ્વારા એલાન કરવામાં આવ્યું છે, જેમાં ચીખલી સહિત જિલ્લાના તલાટી મંડળ દ્વારા પણ સમર્થન આપવામાં આવ્યું છે.

નવસારી જિલ્લા તલાટી મહામંડળના પ્રમુખ કમલેશભાઈ દેસાઈના જણાવ્યા અનુસાર કામગીરીના વિભાજનની માંગણીનું નિરાકરણ સરકાર દ્વારા લાવવામાં આવ્યું નથી. આ માટે અમારા રાજ્યના મહામંડળ દ્વારા આગામી ૨૫મી સુધીનું અલ્ટિમેટમ આપવામાં આવ્યું છે. તે દરમિયાન નિરાકરણ ન આવશે તો અમારા પંચાયત તલાટીઓ દ્વારા વધારાની તમામ કામગીરી બંધ કરવામાં આવશે.

## હાથ ખર્ચ નહીં મળતા ઘરેથી નીકળી ગયેલા સગીરની લાશ મળી

**અમલસાડના** યુવાનનું ટ્રેન અડફેટે આવી જતાં મોત

બીલીમોરા: ગણદેવી તાલુકાના બીલીમોરા પંથકમાં બે અલગ-અલગ કરુણ ઘટનાઓમાં બે આશાસ્પદ યુવાનોના મોત નીપજતા અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રથમ બનાવમાં, અમલસાડ ફાટક ઉત્તરે આવેલ હિદાયત નગર દરગાહ પાસેથી પસાર થતી ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોર ગુડ્ઝ રેલવેની અપલાઈન પરથી એક ટ્રેન પસાર થઈ રહી હતી. આ દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલો અમલસાડ ડીપી ફળિયાનો ૧૯ વર્ષીય યુવાન મનનકુમાર રમણભાઈ નાયકા ટ્રેનની અડફેટે આવી ગયો હતો. ટ્રેનની અડફેટે આવતા જ યુવાન છાતીના ભાગેથી કપાઈ જતાં તેના બે ભાગ થઈ ગયા હતા અને તેનો જમણો હાથ તથા ખભો પણ કપાઈને અલગ થઈ ગયા હતા. આ ગમખ્વાર અકસ્માતમાં યુવાનનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

જ્યારે બીજા બનાવમાં, સાલેજ ગામના કલાનગરમાં રહેતા ૧૭ વર્ષીય સગીર ધ્રુવ જીગ્નેશભાઈ હળપતિએ તેના માતા-પિતા પાસે હાથખર્ચના રૂપિયા માંગ્યા હતા. માતા-પિતાએ પૈસા આપવાની ના પાડતા ધ્રુવને ખોટું લાગી ગયું હતું. આથી તે ગત તા. ૧૩/૬/૨૦૨૬ની રાત્રે કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગયો હતો. પરિવારજનોની ભારે શોધખોળ બાદ ત્રણ દિવસ પછી, તા. ૧૬/૬/૨૦૨૬ના રોજ સાલેજ ગામના ટેકરી ફળિયાથી પથ્થરિયા ફળિયા તરફ જતાં રોડ પર આવેલી સુરતના પ્રિયેશભાઈ ચમનભાઈ મારવીની ચીકુવાડીમાંથી ધ્રુવની ગળે ફાંસો ખાધેલી હાલતમાં ડીકમ્પોઝ હાલતમાં લાશ મળી આવી હતી.

## ચીખલી હાઈવે પરથી રૂ.2.59 લાખના દારૂ સાથે કારચાલક ઝડપાયો

ઘેજ: ચીખલી પોલીસે થાલા નેશનલ હાઈવે પરથી દારૂના જથ્થા સાથે એકની ધરપકડ કરી ૨.૫૯ લાખના દારૂનો જથ્થો કબજે કરી બેને વોન્ટેડ જાહેર કર્યા છે. ચીખલી પોલીસે દારૂ ભરેલી મારૂતિ વેગેનાર (નં. જીજે ૧૫ સીજે ૩૧૯૬) (સાચો નં-ડીડી-૦૫-કે-૩૮૯૭)માંથી વિદેશી દારૂ, વોડકા નાની મોટી બોટલ નંગ-૮૬૪ કિ.રૂ.૨,૫૯,૨૦૦ ઝડપી પાડ્યો હતો. પોલીસે કારની કિં.રૂ.૩ લાખ, એક મોબાઈલ મળી કુલ્લે ૫,૬૪,૨૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી કારચાલક દર્શક ભરતભાઈ જોષી (ઉં.વ.૩૮, રહે., ૧૦૧, ગોકુળનગર, ભરતનગર, ભાવનગર)ની ધરપકડ કરી હતી. જ્યારે દારૂનો જથ્થો ભરાવી આપનાર લાલજી ઉર્ફે લાલુ (રહે., વાપી, જિ.વલસાડ) તથા દારૂનો જથ્થો મંગાવનાર સફી (રહે., કતારગામ, સુરત)ને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ખેતીમાં આજે પણ યાંત્રિક સાધનોને બદલે હળનો ઉપયોગ




ઘેજ: ચીખલી સહિત સમગ્ર વિસ્તારમાં ધરતીપુત્રો મેઘાની કાગડોળે રાહ જોવા સાથે ડાંગરના ધરૂની વાવણી માટેની પણ તૈયારીમાં જોતરાય ગયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ ઘણાં ખેડૂતો ટ્રેક્ટર જેવા યાંત્રિક સાધનોના સ્થાને હળનો જ ઉપયોગ કરી રહ્યા છે. જેમાં ઈંધણની બચત સાથે ખર્ચ પણ ઓછો થતો હોય છે. તાલુકાના છેવાડાના સારવણી ગામમાં ખેડૂત બીપીનભાઈ હળથી ડાંગરના ધરૂની વાવણી માટે જમીન તૈયાર કરી રહ્યા છે.

## રાજ્યપાલ અને મુખ્યમંત્રી આજથી બે દિવસ નવસારીની મુલાકાતે

**આજે** આછવણી ખાતે વૃક્ષારોપાણ બાદ શુક્રવારે સુરખાઇ ખાતે પ્રાકૃતિક ખેતીના કાર્યક્રમમાં હાજરી આપશે

ખેરગામ: રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને સીએમ ભુપેન્દ્ર પટેલ આવતીકાલથી બે દિવસ માટે નવસારી જિલ્લાના પ્રવાસે આવી રહ્યા છે. ગુરૂવારના રોજ ખેરગામ તાલુકાના આછવણી અને પાણીખડક અને શુક્રવારના રોજ સુરખાઈ ખાતે પ્રાકૃતિક ખેતી અંગેના વિશેષ કાર્યક્રમમાં હાજરી આપશે.

રાજ્યપાલ અને સીએમ ભુપેન્દ્ર પટેલ ગુરૂવારના રોજ સાંજે ટ્રેન મારફતે ગાંધીનગરથી નવસારી આવશે અને ત્યારબાદ રોડ માર્ગે સૌપ્રથમ ખેરગામ તાલુકાના આછવણી સાંજના સમયે વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાનના કાર્યક્રમમાં હાજરી આપશે. ત્યારબાદ પાણીખડક પ્રાથમિક શાળા રાત્રિ સભા અને રાતે રોકાણ કરશે. શુક્રવારના રોજ વહેલી સવારે પ્રાથમિક શાળા યોગ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેશે. 8:00 વાગ્યા બાદ ખેરગામ તાલુકાના આછવણી ખાતે મહેશભાઈ પટેલના ફાર્મ હાઉસમાં પ્રાકૃતિક ખેતીનું નિરીક્ષણ અને માર્ગદર્શન આપવામાં આવશે અને ત્યારબાદ ચીખલી તાલુકાના સુરખાઈ ખાતે યોજાનારા પ્રાકૃતિક ખેતી અંગેના વિશેષ કાર્યક્રમમાં હાજરી આપશે. નવસારી જિલ્લા કલેકટર મનીષ ગુરવાની, પ્રાયોજના વહીવટદાર સ્વપ્નિલભાઈ, પ્રાંત અધિકારી બી.એલ. માહલા, મામલતદાર વિજયભાઈ, ટીડીઓ અરૂણભાઇ, નાયબ મામલતદાર ભાવેશભાઈ ડીવાયએસપી નરેશભાઈ સહિતના અધિકારીઓ દ્વારા પાણીખડક પ્રાથમિક શાળાની મુલાકાત લઇ તૈયારીનું નિરીક્ષણ કર્યું હતું.

## ડાંગના ધવલીદોડમાં સરકારી શૌચાલય તોડવા બાબતે ભાઈનો ભાઈ પર હુમલો

**કાકા** અને પિતરાઈ ભાઈઓએ પિતા-પુત્રને લાકડાના ફટકાથી લોહીલુહાણ કરી દીધા

સાપુતારા: આહવાનાં ધવલીદોડ ગામનાં નીચલા ફળીયામાં સરકારી સામુહિક શૌચાલય તોડવા જેવી નજીવી બાબતે કાકા અને તેમના ત્રણ દીકરાઓએ ભેગા મળીને પોતાના જ સગાભાઈ અને ભત્રીજા પર જીવલેણ હુમલો કર્યો હોવાની સળગતી ઘટના સામે આવી છે.

ધવલીદોડ ગામના નીચલા ફળિયામાં રહેતા અને ખેતીકામ કરી પોતાનું ગુજરાન ચલાવતા નિલેશભાઈ રામચંદ્રભાઈ ગાયકવાડ (ઉં.વ.૪૨) ના ઘરની આગળના ભાગમાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન એક સરકારી સામુહિક શૌચાલય બનાવવામાં આવ્યું હતું. ગત રવિવાર, ૧૪ જૂન ૨૦૨૬ ના રોજ વહેલી સવારે આશરે સાડા સાત વાગ્યે નિલેશભાઈના સગા કાકા મોતિલાલભાઈ શ્રાવણભાઈ ગાયકવાડ કોઈને પણ પૂછ્યા વગર આ સરકારી શૌચાલય તોડવા લાગ્યા હતા. તેમના પિતા રામચંદ્રભાઈએ પોતાના ભાઈ મોતિલાલભાઈ પાસે જઈને પૂછતાં જ મોતિલાલભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળાગાળી કરવા લાગ્યા હતા. વાત આટલેથી ન અટકતા, મોતિલાલભાઈએ રામચંદ્રભાઈનું ગળું દબાવવાનો પ્રયાસ કર્યો હતો. તે જ સમયે ઉશ્કેરાયેલા કાકા મોતિલાલભાઈએ નજીકમાંથી લાકડાનો એક મોટો ફાડચો ઉઠાવી રામચંદ્રભાઈના માથામાં મારી દેતાં તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા. એટલામાં જ કાકાના ત્રણ દીકરાઓ–કૈલેશભાઈ, ગણેશભાઈ અને માહદુભાઈ–ત્યાં દોડી આવ્યા હતા અને પિતા-પુત્ર બંનેને ઢીકાપાટુનો આડેધડ માર મારવા લાગ્યા હતા. આ ઝપાઝપી દરમિયાન કાકા મોતિલાલભાઈએ લાકડાના ફાટકા વડે ભત્રીજા નિલેશભાઈના માથાના ભાગે પણ જોરદાર સપાટો મારી દીધો હતો, જેના કારણે નિલેશભાઈના માથામાંથી પણ વ્યાપક લોહી વહેવા લાગ્યું હતું. હુમલો કરનાર કાકા અને તેમના ત્રણેય દીકરાઓ જતા-જતા ધમકી આપતા ગયા હતા કે, આજે તો તમે બાપ-દીકરો બચી ગયા છો, પણ જો બીજી વખત અમારી સાથે ઝઘડો કરશો તો જાનથી મારી નાખીશું. પિતા-પુત્ર બંનેને તાત્કાલિક આહવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યારે આહવા પોલીસે આ અંગે મોતિલાલભાઈ શ્રાવણભાઈ ગાયકવાડ, કૈલેશભાઈ, ગણેશભાઈ અને માહદુભાઈ મોતિલાલભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

## જલાલપોરમાં મિત્રતા મુદ્દે ઉગ્ર વિવાદ, યુવક પર ચપ્પુથી હુમલો

**મોહનીયા** ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે બનેલી ઘટનામાં ચાર યુવક ઝડપાયા

નવસારી: જલાલપોર વિસ્તારમાં મિત્રતા સંબંધિત વિવાદે ગંભીર સ્વરૂપ ધારણ કરતાં એક યુવક પર ચપ્પુ વડે હુમલો કરાયાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. મોહનીયા ક્રિકેટ ગ્રાઉન્ડ નજીક બનેલી આ ઘટનામાં એક યુવકને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યારે પોલીસે ચારેય આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ ફરિયાદ મુજબ, જલાલપોરના મીઠાકૂવા વિસ્તારના રહેવાસી પાર્થ ચંદુભાઈ ગોધાણી એક વિવાદ દરમિયાન વચ્ચે પડી સમાધાન કરાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જોકે, મિત્રતા તૂટવા અંગેના મનદુઃખને લઈને ઉશ્કેરાયેલા કેટલાક યુવકો સાથે બોલાચાલી ઉગ્ર બની હતી. ત્યારબાદ આરોપીઓએ પાર્થને ઘેરી લઈ મારકૂટ શરૂ કરી હતી. આરોપીઓ પૈકી એકે ધારદાર ચપ્પુ વડે પાર્થના પગ અને શરીરના અન્ય ભાગે હુમલો કરતાં તેને ઈજાઓ પહોંચી હતી. હુમલા દરમિયાન જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. બનાવ બાદ હુમલાખોરો સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. ઘટનાની જાણ થતાં જલાલપોર પોલીસ તાત્કાલિક હરકતમાં આવી હતી. તપાસ દરમિયાન દિવ્યેશ મનહરભાઈ રાઠોડ, દિનેશ પુનાભાઈ ચૌધરી, સાહીલ જયેશભાઈ રાઠોડ અને પ્રફુલ રતિલાલભાઈ પટેલની સંડોવણી સામે આવતા પોલીસે ચારેયની અટક કરી હતી. પોલીસે આરોપીઓ સામે જાનલેવા હુમલો, મારામારી, ધમકી અને ગેરકાયદેસર મંડળી રચવા સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સામાન્ય મિત્રતા સંબંધિત વિવાદે હિંસક વળાંક લેતાં વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે.

## બીલીમોરા સોરાબચાલ કોસ્ટલ માર્ગ પર બેદરકારીના ખાડા




બીલીમોરા: બીલીમોરાના સોરાબચાલ વિસ્તાર પાસેથી પસાર થ તાં અને કોસ્ટલ માર્ગને જોડતા માર્ગ પર વાહનચાલકો માટે મુસાફરી કરવી હવે અત્યંત જોખમી બની ગઈ છે. સોરાબચાલ પાસેના મુખ્ય ટર્નિંગ પર રસ્તાની હાલત લાંબા સમયથી બિસમાર હોવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. આ જોખમી વળાંક પરથી પસાર થતી ગાડીઓ સતત ખાડામાં પટકાઈ રહી છે, જેના કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. વળાંક પાસે પૂરતી સ્ટ્રીટ લાઈટ ન હોવાને અકસ્માતોની ઘટનામાં વાહનચાલકોને ઈજા પહોંચી રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### એથર ઇન્ડસ્ટ્રીઝ દ્વારા શામગહાનમાં નવઉદઘાટિત જનતા હાઇસ્કૂલનું લોકાર્પણ




સાપુતારા: સુરતની એથર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં આવેલી અંબિકા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત 'જનતા હાઈસ્કૂલ શામગહાન', કન્યા છાત્રાલય અને વલ્લભ કુમાર છાત્રાલયનું લાખોના ખર્ચે સંપૂર્ણ નવીનીકરણ કરી લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ નવીનીકરણથી ધોરણ 9 થી 12ના આદિવાસી વિદ્યાર્થીઓને અદ્યતન શૈક્ષણિક સુવિધાઓ મળશે. આ ભવ્ય પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલે કંપનીના આ સરાહનીય કાર્યને બિરદાવી ડાંગની જનતા વતી આભાર માન્યો હતો. એથર કંપનીના માલિકો અશ્વિનભાઈ દેસાઈ અને દીપકભાઈ મહેતાએ ડાંગ સહિત દક્ષિણ ગુજરાતમાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે અવિરત વિકાસકાર્યો કરવાની નેમ વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં શામગહાન ગ્રુપ ગ્રામ પંચાયતનાં સરપંચ સુનિલભાઈ ભોયે,એથર ઇન્ડસ્ટ્રીઝના પૂર્ણિમાબેન દેસાઈ, વૈશાલીબેન મહેતા, જિલ્લા પંચાયતનાં સદસ્ય કમળાબેન રાઉત, તાલુકા સદસ્યોમાં ગોપાળભાઈ બંગાળ તથા ગુંન્તીબેન ગાંગુર્ડે, પ.પૂ. પી.પી.સ્વામીજી, અંબિકા એજ્યુકેશન ટ્રસ્ટનાં પ્રમુખ શિવરામ ખેરાડ સહિતના અગ્રણીઓ સાથે મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

### વાંસદાના નાની ભમતી ગામેથી જુગાર રમતા સાત ઝડપાયા

વાંસદા: વાંસદા તાલુકાના નાની ભમતી ગામે તીન પત્તીનો જુગાર રમતા 7 ઈસમને વાંસદા પોલીસે ઝડપી પાડ્યા હતા. વાંસદા પોલીસને મળેલી બાતમીના આધારે નાની ભમતી ગામના સડક ફળિયામાં રહેતા પ્રવિણભાઈ મણીલાલ પટેલના ઘરની બાજુમાં આવેલી ખુલ્લી પેજારીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરમિયાન સાત વ્યક્તિ ગંજીપાનાં પત્તા વડે રોકડ રકમ ઉપર હાર-જીતનો તીન પત્તીનો જુગાર રમતા ઝડપાઈ આવ્યા હતા. જેમાં પ્રવિણભાઈ મણીલાલ પટેલ (રહે., નાની ભમતી), રાજુભાઈ રમણભાઈ પટેલ (રહે., ભીનાર), હેમંતભાઈ ભીમસીંગભાઈ ભોઈ (રહે., ઉનાઈ), રમેશભાઈ છોટુભાઈ રાઠોડ અને સુફીયાન યાસીન અભુરા બંને ( બંને રહે., બામણવેલ, તા. ચીખલી), રમેશભાઈ ધીરુભાઈ પટેલ (રહે., માણેકપોર તા. ચીખલી) અને રાકેશભાઈ નટુભાઈ પટેલ (રહે., હરણગામસ તા. ચીખલી ) સહિત પોલીસે સ્થળ પરથી દાવ પર મુકાયેલા રૂ. 1,880 તથા આરોપીઓની અંગજડતી માંથી મળેલા રૂ. 13,660 રોકડા અને 6 મોબાઇલ ફોન મળી કુલ રૂ. 27,540 નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ તમામ આરોપીઓ વિરુદ્ધ વાંસદા પોલીસ મથકે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### પારડીમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે દંડનાત્મક કાર્યવાહી




પારડી: પારડી નગરપાલિકાના ચીફ ઓફિસર, પ્રમુખ, આરોગ્ય ચેરમેનના માર્ગદર્શન હેઠળ સેનિટેશન શાખા દ્વારા વિવિધ વિસ્તારોમાં વેપારીઓ અને દુકાનદારો તેમજ હાટબજારમાં આકસ્મિક પ્લાસ્ટિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં પ્લાસ્ટિક નિયમોનું ઉલ્લઘન કરનાર વેપારીઓ, દુકાનદારો પાસેથી ૩૬ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરીને રૂ.15,700 વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો.

## ગણદેવીમાં આડેધડ સ્પીડ બ્રેકર્સથી વાહનચાલકો પરેશાન




**એક** કિલોમીટરમાં સાત બમ્પ, ઈમરજન્સી સેવાની સ્પીડ ઘટી

બીલીમોરા: ગણદેવી શહેરના વિવિધ વિસ્તારોમાં આંતરીક માર્ગો ઉપર આડેધડ રીતે બનાવવામાં આવેલા સ્પીડ બ્રેકર્સ (બમ્પ) હવે વાહનચાલકો માટે ભારે મુશ્કેલીનાં કારણ બન્યા છે. ગણદેવી શહેરની સ્ટેટ બેન્ક થી દમણિયા હોસ્પિટલ સુધીના અંદાજે એક કિલોમીટર લાંબા માર્ગ પર જ સાત જેટલા સ્પીડ બ્રેકર્સ ઊભા કરી દેવામાં આવ્યા છે. ગણદેવી ગૌરવપથને બીલીમોરા-ગણદેવી મુખ્ય માર્ગ સાથે જોડતા આ મહત્વના આંતરિક માર્ગ પર વાહનોની ઝડપ નિયંત્રિત કરવાના નામે કરવામાં આવેલી આ કાર્યવાહી હવે વાહનચાલકો માટે પરેશાનીનું કારણ બની છે. માત્ર આ માર્ગ જ નહીં, પરંતુ દમણિયા હોસ્પિટલ થી એસ.ટી. ડેપો, વડા તળાવ થી સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ગોલવાડ સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં મળીને અંદાજે ૧૪ જેટલા સ્પીડ બ્રેકર્સ બનાવવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. ઈમરજન્સી 108 એમ્બ્યુલન્સ જેવી સેવાઓ માટે આ બમ્પ ગંભીર અવરોધરૂપ બની રહ્યા છે. શહેરના જાગૃત નાગરિકો અને વાહનચાલકો સ્પીડ બ્રેકર્સ અંગે પુનર્વિચાર કરી યોગ્ય સરવે બાદ જરૂરી હોય ત્યાં જ બમ્પ રાખવા અને બાકીના દૂર કરવાની માંગ ઊઠી રહી છે.

## મેઘરાજાને રીઝવવા પ્રાર્થના, વિશેષ પૂજા

**પીપરોળ** ડુંગર સ્થિત અભિનંદન મહાદેવ ખાતે આદિવાસી સમાજની અડગ આસ્થા, ગુજરાત મહારાષ્ટ્રના ભક્તો ઉપસ્થિત રહ્યા



વલસાડ: વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના પીપરોળ ગામ નજીક આવેલા ડુંગર પર બિરાજમાન અભિનંદન મહાદેવ ખાતે વરસાદ માટે વિશેષ પૂજા અને પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધરમપુર, કપરાડા, ડાંગ તેમજ મહારાષ્ટ્રના સરહદી વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.

આદિવાસી સમાજમાં અભિનંદન મહાદેવને પરંપરાગત રીતે "વરસાદી દેવ" તરીકે વિશેષ આસ્થાથી પૂજવામાં આવે છે. સ્થાનિક માન્યતાઓ અનુસાર રાજા-રજવાડાના સમયથી આ સ્થળ ધાર્મિક શ્રદ્ધાનું કેન્દ્ર રહ્યું છે અને દર વર્ષે ચોમાસાની શરૂઆત પહેલાં તેમજ વરસાદની રાહ જોતા લોકો અહીં આવી વિશેષ પૂજા-અર્ચના કરે છે. બુધવારે 17 જૂનના રોજ યોજાયેલા કાર્યક્રમ દરમિયાન શ્રદ્ધાળુઓએ નારિયેળ, અગરબત્તી, સિંદૂર સહિતની પૂજા સામગ્રી અર્પણ કરી સમયસર વરસાદ થાય, ખેડૂતોને સારો પાક મળે અને સમગ્ર વિસ્તારમાં સુખ-સમૃદ્ધિ રહે તેવી પ્રાર્થના કરી હતી.

### ગમે તેવા પવનમાં સાપરાને નુકસાન થતું નથી



સ્થાનિક લોકવાયકા મુજબ અભિનંદન મહાદેવનું સ્થાન ચમત્કારિક અને શક્તિશાળી માનવામાં આવે છે. અહીં વર્ષોથી સાગના પાંદડાંથી બનાવવામાં આવતું પરંપરાગત સાપરું (છાપરું) જાળવવામાં આવ્યું છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર ગમે તેવા પવન કે વાવાઝોડા છતાં આ સાપરાને નુકસાન થતું નથી અને મહાદેવની કૃપાથી આ સ્થાન તેની પરંપરાગત ઓળખ સાથે જ અવિરત રહ્યું છે.

### અનિશ્ચિત ચોમાસામાં પ્રાર્થના કરવાની પરંપરા

પીપરોળ ડુંગર પર અન્ય દેવી-દેવતાઓના સ્થાનો પણ આવેલા હોવાથી આ સ્થળ ધાર્મિક સાથે પ્રવાસન દ્રષ્ટિએ પણ મહત્વ ધરાવે છે. વરસાદ મોડો પડે અથવા ઓછો થાય ત્યારે વિવિધ ગામોના લોકો અહીં આવી પ્રાર્થના કરવાની પરંપરા આજે પણ જાળવી રાખે છે.